Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



આત્મ સંવત ૯૧ ( ચાલુ ) વીર સં. ૨૫૧૨
વિક્રમ સંવત ૨૦૪૨ ચૈત્ર

## ચિદાનંદજીનો આત્માને ઉપદેશ

મેરા મેરા મત કરે, તેરા નહિ હૈ કોય;
ચિદાનંદ પરિવારકા, મેલા હૈ દિન દોય.

રે જીવ! મારૂં મારૂં નહીં કર; તારૂં કોઇ નથી. હે ચિદાનંદ! પરિવારનો મેળ બે દિવસનો છે.

ઐસા ભાવ નિસાર નિત, કીજે જ્ઞાન વિચાર;
મિટે ન જ્ઞાન બિચાર બિન, અંતર-ભાવ વિકાર.

એવો ક્ષણિક ભાવ નિરંતર જોઈને હે આત્મા! જ્ઞાનનો વિચાર કર. જ્ઞાન વિચાર કર્યા વિના અંતરના ભાવ કર્મના રહેલા વિકાર મટતા નથી.

જ્ઞાન-રવિ વૈરાગ્ય જસ, હિરદે ચંદ સમાન;
તાસ નિકટ કહો કયોં રહે, મિથ્યાતમ દુઃખજાત.

જીવ! સમજ કે જેના હૃદયમાં જ્ઞાનરૂપી સૂર્યનો પ્રકાશ થયો છે અને જેના હૃદયમાં વૈરાગ્યરૂપી ચંદ્રનો ઉદય થયો છે. તેના સમીપ મિથ્યા ભ્રમરૂપી અંધકારનું દુઃખ કેમ રહે?

જૈસે કંચુક ત્યાગ, બિનસત નહીં ભુજંગ;
દેહ ત્યાગસે જીવ પુનિ, તૈસે રહત અભંગ.

જેમ કાંચળીનો ત્યાગ કરવાથી સર્પ નાશ પામતો નથી. તેમ દેહનો ત્યાગ કરવાથી જીવ પણ અભંગ રહે છે, એટલે નાશ પામતો નથીઃ

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

પુસ્તક : ૮૩ ] એપ્રીલ-૧૯૮૬ [ અંક : ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | શ્રુતજ્ઞાનનું મહત્ત્વ | લે. પદ્મવિજયજી મ. સા, | ૭૭ |
| (૨) | અમૂલ્ય રત્ન | લે. સાધ્વીજી સિદ્ધપ્રજ્ઞા | ૭૯ |
| (૩) | સં. ૨૦૪૧ના વર્ષનું સરવૈયું તથા હિસાબ | — | ૮૨ |
| (૪) | પ્રેરણાદાયી પ્રસંગો | — | ૮૬ |
| (૫) | પુણ્યથી શું શું મળે છે. | સંકલન હીરાલાલ બી. શાહ | ૮૭ |
| (૬) | નાળિયેરીનો પાયો<br>અર્થ એ અનર્થની જનની | — | ૮૯ |



આ સભાના માનવંતા પેટ્રન સાહેબ

## (૧) શ્રી કાન્તીલાલ હેમચંદ વાંકાણી-ભાવનગર

આ સભાના નવા આજીવન સભ્યો

## (૧) શ્રી કનુભાઇ અમૃતલાલ સલોત-ભાવનગર
## (૨) શ્રીમતી મંગળાબેન કાન્તીલાલ વાંકાણી-ભાવનગર

## સાભાર-સ્વીકાર

સંવિગ્ન શાખા ગણી પૂજ્યપાદ પંડિત પ્રવર શ્રી પદ્મવિજયજી મહારાજ વિરચિત

સમરાદિત્ય કેવલી રાસ

વિવરણ સહિત

આવું સુંદર અને બાલ જીવોને ખૂબ ઉપયોગી પુસ્તકનુ પ્રકાશન થયું તે માટે આ સભા ખૂબ અનુમોદના કરે છે અને માર્ગદર્શન આપનાર મુનિ મહારાજ ભગવંતો તેમજ વિવરણ તૈયાર કરનાર સાધ્વીજી મહારાજ સાહેબની ખૂબ પ્રશંસા કરીએ છીએ. શૈલી ખૂબ સરળ અને આકર્ષક છે. સંસારની અસારતા સમજવા તેમજ હૈયે વસાવવામાં ખૂબ પ્રેરણારૂપ છે. તેથી આ પ્રકાશનમાં સહાય્યરૂપ બનનાર સહુને અભિનંદન આપીએ છીએ. ભેટ પુસ્તક માટે ખૂબ ખૂબ આભાર.

લી. આત્માનંદ સભા-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તંત્રી : શ્રી પોપટલાલ રવજીભાઇ સલોત

વર્ષ : ૮૩] વિ. સં. ૨૦૪૨ ચૈત્ર : એપ્રિલ-૧૯૮૬ [અંક : ૬

# શ્રુતજ્ઞાનનું મહત્વ

લે. સંવિગ્ન શાખા ગ્રણી પંડિત પ્રવર **શ્રી પદ્મવિજયજી મ. સા.**

ગુણ અનંત આતમના કહ્યા, તેહમાં પણ દોય મુખ્ય જ લહ્યા,
દર્શનને વળી બીજું જ્ઞાન, તેહમાં પણ જ્ઞાન જ પ્રધાન. (૧)

યદ્યપિ જ્ઞાન છે પંચ પ્રકાર, મતિ શ્રુત અવધિ નાણ અવધાર,
મનઃપર્યાય તેમ કેવળજ્ઞાન, પણ શ્રુત નાણ ઇહાં બહુમાન. (૨)

કાલાદિક જે આઠ આચાર, તે શ્રુત જ્ઞાનતણા નિર્ધાર,
શ્રુતજ્ઞાને ચઉનાણ જણાય, પ્રથમ લાભ પણ એહનો પ્રાય. (૩)

આહાર અશુદ્ધ પણ શુભ ઉપયોગ; શ્રુતજ્ઞાની લાવ્યા શુભજોગ
પણ તે કેવલી કરે આહાર, એમ શ્રુતજ્ઞાન સહુ શિરદાર. (૪)

જ્ઞાને સવિ આદેય ગહવાય, જ્ઞાને સયલ તે હેય તજાય,
ઇહભવ પરભવ પણ હિત થાય, સાધ્ય સાધન જ્ઞાનથી જણાય. (૫)

મંત્ર યંત્ર આરાધન કરે, જ્ઞાને દેવતા આપદ હરે,
અજ્ઞાને આવર્યો સદૈવ, હિતાહિત નવિ જાણે જીવ. (૬)

વિણ ઉદ્યમનો દીવો એહ, નિત્ય ઉગ્યો સૂરજ છે જેહ,
ત્રીજું લોચન જ્ઞાન ઉદાર, ચોરી ન કરે ચોર કે વાર. (૭)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાપથકી દૂર રહે સદા, કુશલ પક્ષમાં વર્તે તદા,
વિનયની પ્રતિપત્તિ સુહાય, જ્ઞાને જેહ અસાધ્ય સધાય. (૮)
શ્રદ્ધા પણ જ્ઞાને સ્થિર થાય, જાણ્યા વિણ શ્રદ્ધા ન કરાય.
ને શ્રુતજ્ઞાન આરાધન કરો, જિમ ભવસાયર લીલાતરો (૯)
ભણવાનો ભવિ કરો અભ્યાસ, જો તુમ હોએ જ્ઞાન પિપાસ,
દિવસે એક પદ પક્ષમાં હોય, જો શીખે ઉદ્યમ કરી તોય, (૧૦)
વ્યાકરણ છંદ-કાવ્ય અલંકાર, નાટક તક ગણિત નિર્ધાર,
સમ્યગ્દૃષ્ટિ જીવે ગ્રહ્યુ, તે સવિજ્ઞાન નંદીમાં કહ્યું (૧૧)

# સંવેગ રસથી યુક્ત, સમતામાં લીન સુદત્ત મુનિવર

કલિંગ દેશના અધિપતિ અમરદત્ત રાજાના પુત્ર નિર્મળ વાનવાળા, સુદત્ત નામે રાજા હતા. તે જ્યારે યૌવન વયમાં વર્તતા હતા ત્યારે એક દિવસ કોટવાળ આવ્યો. સાથે એક ચોરને પકડી લાવ્યો. કોટવાળે કહ્યું, આ ચોર પારકા ઘરમાં પ્રવેશી, ઘરના મુખ્ય માણસને મારીને અપાર દ્રવ્ય લઈને ઘરમાંથી નીકળતો હતો. તે સમયે મેં તેને પકડયો. હવે આપશ્રી જેમ કહો તેમ કરીએ" તે સાંભળીને રાજાએ ધર્મશાસ્ત્રના જાણકારને બોલાવી ગુનો સંભળાવ્યો. પછી પૂછયું કે આનો દંડ શું કરીએ? ત્યારે તે પંડિત બોલ્યો, કે એણે મનુષ્યનો ઘાત કર્યો છે અને ચોરી કરી છે માટે એને ત્રણ રસ્તે, ચાર રસ્તે અને ચોકમાં ફેરવીને સર્વ મનુષ્યોને સંભળાવો કે આણે આવું કર્મ કર્યું છે તથા આની આંખો કાઢી, નાક-કાન કપાવી, હાથ-પગ છેદીને એના જીવિતનો નાશ કરવો એવું ઋષિ વચન છે." આવાં વચન સાંભળીને રાજા વિચારે છે કે અહો! અહો! રાજકુળમાં આવાં પાપ કરવાનાં! જેથી ઘણો સંતાપ થાય એવા રાજસુખથી સર્યું. ત્યારપછી આનંદ નામના ભાણેજને રાજ્યભાર સોંપીને, ઘરબાર તજીને સુધર્મ નામના ગુરૂની પાસે અણગાર થયા.

## ક્ષમા યાચના

આ માસિક અંકમાં કોઈ અશુદ્ધિ રહી ગઈ હોય અથવા કોઇ ક્ષતિ મુદ્રણ દોષ હોય તો તે માટે મનસા, વચસા, મિચ્છામિ દુક્કડમ્. -તંત્રી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બે અમૂલ્ય રત્ન

**સાધ્વીજી સિદ્ધપ્રજ્ઞા**

એ હતી અમાસની અંધેરી રાત્રી. આકાશમાં તારાઓ ટમટમતા હતા. અર્ધી રાત્રી વીતી ગઈ, ત્યારે રાજ્યમાર્ગ ઉપર સિદ્ધ નામનો ચોર, આગળ વધી રહ્યો હતો, પોષ માસની ઠંડીએ સર્વત્ર શાંતિ સ્થાપી હતી. આવી નીરવતા નિહાળી ચોરના મનમાં વિદ્યુત્ શી ચમક ઉઠી. "આવી ગાઢ રાત્રીમાં મારૂં પરાક્રમ અજમાવી તકદીર પલ્ટી નાખું ગ્રહ નક્ષત્ર પણ અનુકુળ ભાસે છે. કોઈ સમૃદ્ધ ઘરમાં પ્રવેશી કીમતી ખજાનો મેળવી માલામાલ બની જાઉં. આવાં વિચારમાં તે એક આલીશાન ઈમારત નજીક આવી પહોંચ્યો. એ મકાન કેટલાક દિવસથી તેની નજરમાં જ હતું. કુશળતા પૂર્વક અંદર પ્રવેશી ગયો. ઘરની પાછળની દીવાલના છજ્જાના સહારે છત પર આવી ગયો એક મજબુત દોરડાની મદદથી ઘરના આંગણામાં આવી પહોંચ્યો. પહેરગીરો ઉપર નીંદનું ધારણ જોઈ, સફળતાની ખાત્રી થઇ. પણ એક કમરામાં ધીમી-ધીમી વાતચીત સાંભળતા તેના સ્વપ્નો પડી ભાંગ્યા. પગ જડાઈ ગયા, શરીર ઢીલુ પડયું. પણ તેની ગીધ સમી દૃષ્ટિ જે કમાટ પર બે વ્યક્તિઓની આંખો સ્થિર હતી તે તરફ સ્થિર બની.

'મૃત્યુ મારા શીર પર હાથ મૂકી રહ્યુ છે' એ શબ્દો સાંભળતાં તે ચોર ચમકયો. શ્વાસ રોકી એક યોગી જેમ નિશ્ચલ બની ગયો.

તેણે અંદર જોયું તો એક વૃદ્ધ આદમી પલંગ પર બેઠેલ હતો તેની આંખોમાં ઉંડાણુ હતું. ચહેરા પર તેજ હતું. પરંતુ દમ પરેશાન કરતો હતો અને હાથ કંપતા હતા. બાજુના આસન પર એક યુવાન બેઠો હતા. વૃદ્ધે કહ્યું, "બેટા! દીપકની જેમ મારા જીવનમાંથી તલ ખૂટયું છે અને બુઝાવાની તૈયારીમાં છે. કાળનો શિકાર બનું તે પહેલાં હું તને અખૂટ ખજાનો સોંપવા માગું છું. આ શબ્દોથી ચોરના કાન ખડા થઈ ગયા. ભારણ્ડ પક્ષી જેમ સતર્ક બની ગયો.

પિતાની ઇચ્છાનો અસ્વીકાર કરી, પુત્રે વિનયપૂર્વક કહ્યુ, "પિતાજી! આપ જવાની તૈયારીમાં છો ત્યારે આપ ખજાનો સોંપવાની વાત કરો છો?" મારે ખજાનો નથી જોઈતો. તે લઇને હું કરૂં પણ શું? હું તો આપની સાથે ચાલીશ."

પુત્રનું ભોળપણ જાણી પિતાએ હસીને કહ્યું, "અર્હત્ કુમાર! કેવી ભોળી વાત કહે છે? આજ સુધી કોણ કોની સાથે ગયું તે બતાવ તો. સમય પહેલાં સૂર્ય ન અસ્ત પામે. ભલા, એ વાત જતી કરી. હું તને બે અમૂલ્ય રત્ન આપું છું. જે કરોડો સુવર્ણ મુદ્રાથી પણ વધુ મૂલ્યવાન છે.

રત્નનું નામ સાંભળતા ચોર ખુશ ખુશ બની ગયો. જેમ ચાતક પક્ષી સ્વાતિ નક્ષત્રના જલબિન્દુની સામે જોવે તેમ તેની નજર શેઠના જમણા હાથ પર પહેરેલ વીંટીઓ પર પડી."

પુત્રે પૂછયું, "કયા રત્નો? કેટલી કીંમત? હું તેની કેવી રીતે રક્ષા કરી શકું? અર્હત્કુમારની આંખોમાં આંખ મીલાવી પિતાએ કહ્યું, "પુત્ર! ચિન્તા મત કર. હું એવા રત્ન સોંપુ છું કે જેને ચોર ચોરી શકતો નથી, અગ્નિ જલાવી શકતી નથી, તે મળતા જ તૂં પણ સુરક્ષિત બનીશ." તે રત્નો મન ચૈતન્ય પુરૂષોની સાનિધ્યથી મળ્યા છે. એંસી વર્ષ સુધી તેને સાચવ્યા છે પણ બંધ કરેલી ડાબલીમાં નહી, તે સાચવ્યા છે જીવનની સક્રીય પ્રયોગશાળામાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જો તૂં તેને સુરક્ષિત રાખશે તો તૂં નિરાપદ બનશે અને પિતાની અંતિમ ઈચ્છા પૂર્ણ કરી તેમનું નામ પણ રોશન થશે.”

“પિતાજી ! આપનો આદેશ શીરોધાર્ય છે હવે મારી ઉત્સુકતા વધારે તેજી ન કરો.”

હૃદયના વાત્સલ્યની વર્ષા કરતા અને સ્નેહ સુધાથી અભિષિક્ત કરી પિતાએ કહ્યું, “પહેલું રત્ન તે સંકલ્પ. દરરોજ ત્યારે એક નવો સંકલ્પ જરૂર કરવો દાખલા તરીકે આજે હું અસત્ય નહિ બોલું, આજ હું ચોરી નહિ કરૂં—હું ક્રોધ નહિ કરૂં વગેરે. તેજ તારી સંકલ્પ શક્તિ વિકાસ પામશે. દૃષ્ટિકોણ નિર્મળ બનશે. ઉજ્જવળતા આવશે. સ્નાયુઓમાં ખોટી આદતો પડશે નહિ.

પ્રસન્ન ચહેરાથી પુત્રે કહ્યું, “ઘણું સરસ, પિતાજી. પણ તેવા સંકલ્પો અંતસુધી નીભાવવા મારે માટે મુશ્કેલ બને. કેમકે એ માર્ગ નિર્બાધ નથી.”

“ડરો મત. સંકલ્પ પૂર્ણ થઇ શકે તે માટે હું બીજું રત્ન સોંપું છું. એ છે નમસ્કાર મંત્રનો જાપ વિધિપૂર્વક હંમેશ જાપ કરવાથી તમામ મુશ્કેલીઓ આપોઆપ દૂર થશે.”

“પિતાજી ! મંત્ર બાબત કે તેની વિધિ બાબત મને કશી જાણકારી નથી.”

“તે બધું હું તને શિખવી આપું છું. આ મંત્રના પદ છે નવ.”

પિતાજી! આપને શ્વાસ સતાવે છે, તો એક પદ બતાવો.

“સારૂં સાંભળ, પ્રથમ પદ **ણમો અરિહંતાણં** બીજું પદ **ણમો સિદ્ધાણં** અર્થ છે.

અરિહંત ભગવંત અને સિદ્ધ ભગવંતને નમસ્કાર હવે વિધિ લક્ષમાં લે. ઉત્તર કે પૂર્વ દિશા તરફ મુખ રાખી, પદ્માસન લગાવી, આંખો બંદ કરી કાયોત્સર્ગ મુદ્રામાં બેસો. પછી આકાશમાં મોટા મોટા અક્ષરોમાં લખો. બીજા પદમાં લાલ રંગ યોજો. તે સાક્ષાત દેખવાનો અભ્યાસ કરો. શરીરના કણે કણમાં પ્રકાશ જ્યોતિનો અનુભવ કરો, છ માસમાં તારી શક્તિ ખુબ વધશે. અન્ત શક્તિ ખીલશે અને આનંદનોસ્રોત વહેતો બનશે.

પુત્રે પિતા તરફ જોયું અને સ્તબ્ધ બની ગયો આ તરફ સિદ્ધ ચોરના અંતરમાં રૂપાન્તર થયું. તેના મનરૂપી આકાશમાં અધ્યાત્મનું પ્રથમ કિરણ ફુટયું. શેઠના એક એક શબ્દ અપ્રમત્ત ભાવથી સુણ્યાં. તે શબ્દો અવચેતન મન સુધી પહોંચ્યા. અકલ્પિત રત્નોનો ખજાનો મેળવીને તેના અણુએઅણુ પુલકિત બન્યા. સંભવિત ખજાનાની વિસ્મૃતિ થઈ ગઈ. કોઇ પણ ચીજ લીધા વગર ખાલી હાથે રવાના થયો. મસ્તીથી ઝુલતો, તારાઓ સાથે વાત કરતો આગળ વધ્યો. ઘેર પહોંચ્યો. “ઠક-ઠક-ઠક-દરવાજા પરના આવતા અવાજથી તેની પત્ની ચોંકી ઉઠી. પણ ખાત્રી થતાં દરવાજો ખોલ્યો. પતિને ખાલી હાથે જોઈ, આઘાત અનુભવ્યો. અચાનક હિમવર્ષાથી કુસુમ બળી ગયું. આંખોમાંથી આગ વરસવા લાગી. “આજકાલ આપને શું થયું છે કે રોજ ખાલી હાથે આવો છો? શું ભૂખની સતામણી નજરે નથી પડતી.”

સિદ્ધ શાંત ભાવે સાંભળતો રહ્યો. આવેગની અગ્નિને પત્યાવેગ ન મળતાં બુઝવા લાગી. પત્નીએ પછી શાંત સ્વરે પૂછયું. “શું તમે સંન્યાસીની ઝુંપડીમાં ગયા હતા? જવાબ તો આપો.

મન્દ હાસ્ય પ્રસરાવતો સિદ્ધ બોલ્યો, “પ્રિયે, હા. ખરેખર હું આજે ગૃહસ્થ સંન્યાસીને ત્યાં ગયો હતો. ત્યાં મને અપાર્થિવ રત્નોનો ખજાનો પ્રાપ્ત થયો. તેમાં તને સહભાગી બનાવવા ઈચ્છું છું. તૂં પણ મારી સાથે નિષ્ઠાપૂર્વક તેની આરાધના કર. એમ કહી મહામંત્ર પદ આરા-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધનાનો પ્રયોગ તેના હાથમાં સોંપ્યો. તેનો પ્રભાવ ને વિધિ પણ બતાવ્યા.

જો કે હજુ ચોરી સદંતર બંધ નહોતી કરી પણ તેને લગતી, સંબંધી સંકલ્પ કરતી પ્રતિજ્ઞા કરવાનું ચુકતો નહી. ક્યારેક અસત્ય નહિ બોલવાની કે અમાસના ચોરી નહિ કરવાની પ્રતિજ્ઞા લેતો. એકાદ માસ વીત્યો. ફરતો ફરતો એક દિવસ વૈભારગિરિ પર આવ્યો. ત્યાં એક વિશાળ મેદાન પર ભરાયેલી સભા જોઈ "એક જીવ, કેવી પ્રક્રિયાથી બંધનો તોડી પૂર્ણ સ્વતંત્રતાના શિખર પર આરોહણ કરી પરમાત્મા બને છે" તે વિષય પર પ્રવચન ધર્માચાર્ય કરી રહ્યા હતા. ત્યારે એક શ્રમણ ઉપાસકે પૂછ્યું, "આ સમવસરણમાં આ જન્મમાં પૂર્ણ સ્વતંત્રતાની દિશા તરફ પ્રયાણ કરવાવાળી કોઇ વ્યક્તિ છે?

આચાર્યજીએ સ્વીકૃતિ સૂચક મસ્તક હલાવ્યું તરતજ ઉપસ્થિત જનતામાં માસૂમ સસલાની જેમ પ્રશ્ન કૂદવા લાગ્યો, "તે કોણ? ક્યાં બેઠેલ છે? તેનું નામ શું? રૂપ કેવું?"

અંગુલિ નિર્દેશ કરી, ગુરુજીએ કહ્યું, "જુઓ; છેલ્લી હારમાં, સ્તમ્ભ પાસે જે સિદ્ધ નામનો ચોર બેઠો છે, તે સિદ્ધ બનશે."

તે સાંભળી સહુ આશ્ચર્ય ચકિત થયા. વાતાવરણમાં અજીબ હલચલ મચી. શ્રદ્ધા અને તર્ક વચ્ચે સંઘર્ષ થયો. દરેકના સંદેહ દૂર કરવા સિદ્ધ જાતે ઉભો થયો. આત્મા-આલોચના, અનુતાપ, ગર્હણા અને લજ્જા સરખા અનેક ભાવો એકી સાથે તેના ચહેરા પર ઉપસી આવ્યા. એક બાળક જેમ ખૂબ સરળતાથી સહુ સમક્ષ તેણે પોતે કરેલી ભૂલો જણાવી. "હું ખૂબ પાપી છું, ચોર છું. મેં અનેકને રોવડાવ્યા છે, દુઃખ આપ્યું છે, અનેકનું ધન હર્યું છે અને તેમની જિંદગી દુઃખમય બનાવી છે. મને ધિક્કાર હો. આ પાપાનુબંધી પાપોથી મારો કેવી રીતે છૂટકારો થશે? આમ અનુતાપ કરતાં કરતાં તે ભાવ વિભોર બની ગયો. આંખો અશ્રુભીનીબની. અંદરનો સારોયે કલ્મષ મીણની જેમ પીગળી ગયો. પોતાનું હૃદય ખુલ્લું કરી અને આવું સાહસ કરવાથી પોતાને અધ્યાત્મની ઊંચાઈએ પહોંચાડી દીધો. વિકાર ક્ષીણ બન્યા. આચરણ વિલીન બન્યું. તેના શરીરના કણેકણ કારણ બની ગયા. તે કૈવલ્યના આલોકથી આલોકિત બની ઉઠયો. દૂર દૂર સુધી અન્ધકારમય ખૂણ.માં પૂર્ણિમાની ચાંદની ઝગમગી ઊઠી. "સિદ્ધ કી જય સિદ્ધ કી જય"—ના જયકારથી નામ અને ધરતી એકાકાર બની ગઈ.

'જૈન જગત્'ના સૌજન્યથી

હે પુણ્યાત્મન્! અસ્થિર, વિનશ્વર તેમજ ક્ષણે ક્ષણે પરિવર્તન પામતા એવા નાશવંત શરીરથી જો સ્થિર શાશ્વત ધર્મ સાધી શકાતો હોય, તેમજ મલ-મૂત્ર-લોહી-માંસ આદિ સાત ધાતુમયી આ મલીન કાયાથી જો નિર્મલ, શુદ્ધ, ઉજ્જવલ ધર્મ સધાતો હોય, તથા કર્માનુસાર પરિણામને પામનાર, આપણી ઇચ્છા અનુસાર નહિ રહેનાર એવા આ દેહથી જો સ્વાધીન એવો આત્મધર્મ પ્રાપ્ત થતો હોય તો ત્હને શું વાંધો છે? તું જ કહે !!!



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ

## સં. ૨૦૪૧ના આસો વદી

| ફંડ તથા જવાબદારીઓ | | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|---|
| **બીજા અંકીત કરેલા ફંડ :-** | | | |
| ફંડના પરિશિષ્ટ મુજબ | ... | .... | ૩૬૪૩૯૧-૨૬ |
| પ્રમુખશ્રી સન્માન સમારંભ ... | ... | ... | |
| ગઈ સાલની બાકી .... | ... | ૭૧૭-૯૫ | |
| બાદ વર્ષ દરમ્યાન ખર્ચ .... | ... | ૫૮-૩૫ | |
| | | ——— | ૬૫૯-૬૦ |
| **જવાબદારીઓ :-** | | | |
| ખર્ચ પેટે .... | ... | ૪૨૨૨-૧૦ | |
| અગાઉથી મળેલ રકમો પેટે .... | ... | ૩૦૪૧૩-૬૯ | |
| ભાડા અને બીજી અનામત રકમો પેટે | ... | ૨૨૯૩-૦૦ | |
| અન્ય જવાબદારીઓ .... | .... | ૧૦૦-૦૦ | |
| | | ——— | ૩૭૦૨૮-૭૯ |
| **ઉપજ ખર્ચ ખાતું :-** | | | |
| ગઈ સાલની બાકી જમા .... | .... | ૨૮૩૨-૬૯ | |
| ઉમેરો/ચાલુ સાલનો વધારો આવક ખર્ચ ખાતા મુજબ | | ૯૪૨-૭૭ | |
| | | ——— | ૩૭૮૫-૪૬ |
| | | | ——— |
| | **કુલ રૂા...** | | ૪૦૫૮૬૫-૧૧ |

ટ્રસ્ટીઓની સહી

૧. હીરાલાલ ભાણજીભાઈ શાહ
૨. પોપટલાલ રવજીભાઈ સલોત
૩. ભગતભાઈ અમૃતલાલ રતીલાલ
૪. હિંમતલાલ અનોપચંદ મોતીવાળા
૫. પ્રમોદકાંત ખીમચંદ શાહ
૬. ચીમનલાલ વર્ધમાન શાહ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સભા–ભાવનગર

નોંધણી નંબર
એફ./૩૭ ભાવનગર

### અમાસના રોજનું સરવૈયું

| મિલકત | રૂ. પૈસા | રૂ. પૈસા |
|---|---|---|
| **સ્થાવર મિલકત :-** .... .... | ૧૧૧૩૧૬-૦૦ | |
| | | ૧૧૧૩૧૬-૦૦ |
| **ડેડ સ્ટોક ફર્નીચર :-** | | |
| ગઈ સાલની બાકી .... .... | ૬૮૫૨-૦૦ | |
| | | ૬૮૫૨-૦૦ |
| **માલ સ્ટોક :-** | | |
| (ટ્રસ્ટીશ્રી/મેનેજરશ્રીની પ્રમાણીત યાદી મુજબ) .... | | ૧૩૧૧૮-૭૫ |
| **એડવાન્સીઝ :-** | | |
| ઇલેકટ્રીક ડીપોઝીટ .... .... .... | | ૧૪૦-૦૦ |
| (સરસ્વતી પુસ્તક ભંડાર) .... | ૩૭૫-૦૦ | |
| | | ૩૭૫-૦૦ |
| **રોકડ તથા અવેજ :-** | | |
| (અ) બેન્કમાં ચાલુ ખાતે | | |
| બેન્કમાં સેવીંગ્ઝ ખાતે | | |
| દેના., યુનીયન, યુ.કો., ભા. સ. બે. | ૧૯૪૮૪-૮૭ | |
| બેન્કમાં ફીકસ્ડ અથવા કોલ ડીપોઝીટ ખાતે | ૨૫૪૫૦૦-૦૦ | |
| (બ) ટ્રસ્ટી/મેનેજર પાસે .... .... | ૭૩-૧૦ | |
| | | ૨૭૪૦૫૭-૯૭ |
| સરવૈયા ફેરના ... ... ... | | ૫-૩૯ |
| **કુલ રૂ...** | | ૪૦૫૮૬૫-૧૧ |

ઉપરનું સરવૈયું અમારી માન્યતા પ્રમાણે ટ્રસ્ટના ફંડો તથા જવાબદારીઓ તેમજ મિલકત તથા લ્હેણાનો સાચો અહેવાલ રજુ કરે છે.

**ભાવનગર**
તા. ૧૯ ડીસેમ્બર ૧૯૮૫

**સંઘવી એન્ડ કું.**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ

## સં. ૨૦૪૧ના આસો વદી અમાસના રોજ

| આવક | | રૂા | પૈસા | રૂા. પૈસા |
|---|---|---|---|---|
| **ભાડા ખાતે :–** ( લહેણા/મળેલા ) | .... | ... | .... | ૧૨૬૭૮–૦૦ |
| **વ્યાજ ખાતે :–** (લહેણી/મળેલી) | | | | |
| બેન્કના ખાતા ઉપર | ... | ૨૫૦૮૬ ૫૭ | | |
| | | ——— | | ૨૫૦૮૬–૫૭ |
| **ભેટ આવક :–** ... | .... | .... | .... | ૩૫૦૧–૦૦ |
| **બીજી આવક : –** | | | | |
| પસ્તી વેચાણ આવક ... | .... | ૨૨૭–૦૦ | | |
| પુસ્તક વેચાણ આવક | .... | ૮૯૯–૦૦ | | |
| | | ——— | | ૧૧૨૬–૦૦ |
| | | | | ——— |
| | **કુલ રૂા....** | | | ૪૨૩૯૧–૫૭ |

ટ્રસ્ટીઓની સહી
૧. હીરાલાલ ભાણજીભાઈ શાહ
૨. પોપટલાલ રવજીભાઈ સલોત
૩. ભગતભાઈ અમૃતલાલ રતીલાલ
૪. હિંમતલાલ અનોપચંદ મોતીવાળા
૩. પ્રમોદકાંત ખીમચંદ શાહ
૬. ચીમનલાલ વર્ધમાન શાહ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સભા ભાવનગર

નોંધણી નંબર
એફ/૩૭ ભાવનગર

## પૂરા થતાં આવક અને ખર્ચનો હિસાબ

| ખર્ચ | | | | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|---|---|---|
| **મિલ્કત અંગેનો ખર્ચ :-** | | | | | |
| મ્યુનિસિપલ/ગવર્નમેન્ટટેક્ષ | .... | .... | | ૮૪-૦૦ | |
| મરામત અને નિભાવ | .... | .... | | ૮૬૧-૦૦ | |
| વીમો | .... | .... | .... | ૫૪૬-૦૦ | |
| | | | | | ૧૪૯૧-૦૦ |
| **વહીવટી ખર્ચ :-** | .... | .... | ... | | ૯૯૨૫-૬૦ |
| **કાનુની ખર્ચ :-** | ... | .... | .... | | ૨૦૦-૦૦ |
| **ઓડીટ ખર્ચ :-** | ... | .... | .... | | ૧૯૦-૦૦ |
| **ફાળો અને ફી :-** | .... | .... | .... | | ૫૨૭-૮૫ |
| **પરચુરણ ખર્ચ :-** | .... | .... | ... | | ૧૩૯૯-૪૫ |
| **રીઝર્વ અથવા અંકિત ફંડ ખાતે લીધેલ રકમો :-** | | | ... | | ૧૪૦૨૦-૬૦ |
| **ટ્રસ્ટના હેતુઓ અંગેનું ખર્ચ :-** | | | | | |
| (અ) ધાર્મિક | .... | ... | | ૧૩૬૮૪-૩૦ | |
| | | | | | ૧૩૬૮૪-૩૦ |
| **વધારો સરવૈયામાં લઈ ગયા તે** | | | | | ૯૫૨-૭૭ |
| | | | **કુલ રૂા...** | | ૪૨૩૯૧-૫૭ |

**ભાવનગર**
૧૯ ડીસેમ્બર ૧૯૮૫

**સંઘવી એન્ડ કું.**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રેરણાદાયી પ્રસંગો

મહારાવ ખેંગારજીના પિતાશ્રી પ્રાગમલજી. તેઓશ્રી કચ્છના નરેશ. તેઓએ હાઇસ્કૂલ, કન્યાશાળા, હોસ્પિટલ, તળાવ વગેરે અનેક લોકોપયોગી કાર્યો કરેલ. તેઓનો રાજ્યભિષેક થયો તે વરસે દુષ્કાળ પડયો. તેથી અગાઉ લેવાતો કર માફ કર્યો અને જાહેર બાંધકામ ખોલેલાં એક સારા રાજવીને છાજે તેવી કીર્તિ મેળવેલી. તેઓનો રાજ્યાભિષેક યુવાન વયમાં થયો હતો. તેમના વજીર રૂપસંગજી વૃદ્ધ હતા. એક દિવસે બન્ને ગાડીમાં બેસી ગામડાઓમાં ગયેલ. રસ્તામાં સુંદર બાંધકામ તથા ફરતી વનરાઇવાળુ ગામ જોઈ મહારાવ કહ્યું. "આ ગામ ઘણું સુંદર છે. કોનું છે? આપણું કે બીજાનું?

વજીરે કહ્યુ, "બાપુ, આ ગામ આપના વડવાઓએ ચારણોને આપેલું, તે છે,

થોડે દૂર ગયા પછી વજીરે ગાડી ઉભી રખાવી. નીચે ઉતરી, ગાડીના પૈડાં. તથા ઘોડાંના ડાબલા સહિત પગ પોતાના ખેસથી લૂછયા. પછી ખેસ ખંખેરી નાખ્યો. ગાડી ચાલી એટલે રાજવીએ પૂછયું, "વજીરજી, તમે આ શુ કર્યું?

વજીરે કહ્યું. "બાપુ, આ ગામ દેવી ભક્ત ચારણોને આપના વડવાએ આપેલ બક્ષિસ તરીકે. રાજાનો ધર્મ છે કે બક્ષિસ આપેલ વસ્તુનો અજાણતાંયે ઉપયોગ ન થાય તેવી વ્યવસ્થા રાખવી. આ ચારણોના ગામની ધૂળ ઘોડાને તથા ગાડીને ચોંટી હતી. તે જો આપણી જમીનમાં ભળે અને તેની આવક આપણી તિજોરીમાં આવે તો એ સર્પ સમાન છે, કાળરૂપ છે. આ વાત હું જાણું છું તેથી દેવીભક્તના ગામની ધૂળ તેનીજ સીમમા ખંખેરી નાખી.

(૨)

ઈ. સ. ૧૯૩૮ના ફેબ્રુઆરી માસમાં લેડી રમાબાની વરસી વખતે, પટ્ટણી સાહેબ ઘણા બીમાર હતા. કલાકે કલાકે થોડું દૂધ લેતા છાતીનો દુઃખાવો અને નબળાઈ ખૂબ. છતાં વસુલાતી અધિકારી તરીકે દોઢ માસથી ગામડાની મુસાફરીમાંજ રહેતા. આ વખતે વરસી ઉપર ભાગવત સપ્તાહ બેસારેલ. તેથી ત્યારે ભાવનગરમાં રહેલ.

કથા સાંભળતા અને પોથી પાસે રાખી સાથે વાંચતા જતા. તે વખતે એક ગૃહસ્થને ઘેર સંન્યાસી પધારેલ તે પણ પેલા ગૃહસ્થ સાથે કથા શ્રવણ માટે આવતા પટ્ટણી સાહેબ સંન્યાસીને પોતાની પાસેજ બેસારતા. બન્ને વચ્ચે પટ્ટણી સાહેબ સોનાનું ઘડિયાળ ગાલ્લા ઉપર છૂટું મૂકી રાખતા. એને જોતા નહિ. ત્રણ દિવસ ગયા પછી સંન્યાસીએ તે ઉપાડયું અને કેડે ભરાવી દીધું. પ્રભાશંકર પટ્ટણી સાહેબે જોયું પણ નજર ફેરવી લીધી.

સાંજે સંન્યાસી ઉઠતા ત્યારે તેઓ તેને વળાવતા બીજે દિવસે સંન્યાસી છેલ્લી વખત કથા શ્રવણ માટે આવેલ કેમકે તે પછીના પૂર્ણાહુતિના દિવસે સાંજે તે હરદ્વાર જવાના હતા.

પેલા સદ્દગૃહસ્થની ઇચ્છા મુજબ પ્રભાશંકર પટ્ટણી સાહેબે ભાવનગરથી હરદ્વાર સુધીની બીજા વર્ગની ટિકિટના પૈસા તથા વાટ ખર્ચના સો રૂપિયા સંન્યાસીને આપી દીધા હતા.

પૂર્ણાહુતિ પછી સાંજની મીકસ્ડમાં જતા એ સંન્યાસીને મળવા તેઓશ્રી ભાવનગર પરા સ્ટેશને ગયા. ટ્રેઈન આવી ત્યારે તપાસતાં સંન્યસીને ત્રીજા વર્ગમાં બેઠેલ જોયા. તે ત્યાં પહોંચ્યા, પગે લાગ્યા અને ખીસામાંથી સોનાની એક ચેન

(અનુસંધાન પેજ નં. ૮૮ ઉપર)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પુણ્યથી શું શું મળે છે!

સંકલન :- હીરાલાલ બી. શાહ

ઉજ્જયણી નગરીના સિંહાસન ઉપર સર્વ રાજાઓનો શિરોમણિ-સરદાર એવો પ્રજાપાલ નામનો રાજા રાજ્ય કરતો હતો. એ રાજાને બે રાણીઓ હતી. એકનું નામ સૌભાગ્યસુંદરી હતુ બીજીનું નામ રૂપસુંદરી હતું. બંને રાણીઓએ એકેક સુંદર પુત્રીઓનો જન્મ આપ્યો. સૌભાગ્ય સુંદરીની પુત્રીનું નામ રાજાએ સુરસુંદરી નામ આપ્યું અને રૂપસુંદરીની પુત્રીનું નામ રાજાએ મયણાસુંદરી આપ્યું. તે બન્ને રાજકન્યાઓ વિદ્યાભ્યાસ કરવાને લાયક ઉંમરની થઇ ત્યારે સૌભાગ્ય સુંદરીએ પોતાની સુરસુંદરી પુત્રીને સ્ત્રીઓની સકળકળા અને ગુણોમાં પ્રવીણ એવા વિદ્વાન પંડિતને સોંપી જ્યારે રૂપસુંદરીએ પોતાની મયણાસુંદરીને જૈન સિદ્ધાંતો વગેરે શિખવા માટે જૈન ધર્મના તત્વ જ્ઞાનના જાણકાર વિદ્વાન પંડિતને સોંપી. ઘણો સમય ગયા બાદ તે બન્ને રાજકુંવરીઓએ ટુંક સમયમાં પોતપોતાના પંડિતો પાસેથી સ્ત્રીઓની ચોસઠ કળાઓ વગેરે શીખી બુદ્ધિના ભંડારરૂપ થઇ. અનેક પ્રકારના શબ્દશાસ્ત્રો, વ્યાકરણ, કાવ્યો, વાજિંત્રો વગાડવાની કળા, તાલસ્વર સાથેની ગાયન કળા, જ્યોતિષશાસ્ત્ર, વૈદ્યકશાસ્ત્ર વિગેરેનો સારી રીતે અભ્યાસ કર્યો. બન્ને રાજકન્યાઓ વ્યહારિક કેળવણીમાં સમાન હતી. તો પણ ધાર્મિક કેળવણીમાં તે બન્ને વચ્ચે જબરો તફાવત હતે. મયણાસુંદરી જિનેશ્વર દેવનાં પ્રરૂપેલાં સિદ્ધાંતો જાણતી હતી અને તેથી તેણીના મનમાં નિશ્ચય, વ્યવહારરૂપ સ્યાદવાદ શૈલી વાસ કરી રહી હતી. તેમજ નવ તત્વ કે જે જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ કહેલા છે, તેઓના નિશ્ચય અને વ્યવહારનય સહિત ભેદ જાણનારી હતી.

મયણાસુંદરી શુદ્ધ સમકિત વડે શોભાવંત થઈ હતી. તેણીને શુદ્ધ સમ્યક્ત્વ દર્શનનીજ વાત પસંદ હતી. જ્યારે સુરસુંદરી, મયણાસુંદરીના તત્ત્વજ્ઞાનથી તદ્દન વિરૂદ્ધ વિચાર ધરાવતી હોવાને લીધે તે બન્નેની અંતરંગ વૃત્તિમાં બહુજ અંતર હતો. એક દિવસ પ્રજાપાળ રાજાને ઉલ્લાસ ઉત્પન થતાં સુરસુંદરી અને મયણાસુંદરી જે વિદ્યાથી નિપુણ થયેલ છે, તેઓની પરીક્ષા લેવા વિચાર થયો. એ વિચારને અમલમાં મૂકવા બન્ને વિનયશીલ રાજકુંવરીઓને રાજસભામાં બોલાવવા હુકમ કર્યો. બન્ને રાજકુંવરીઓ પણ પોતપોતાના વિદ્યાગુરૂ સહિત રાજસભામાં હાજર થઇ. પ્રજાપાલ રાજાએ, શાસ્ત્રના અર્થોની સાધારણ ભણેલાને ખબર ન પડી શકે તેવા અર્થ ભર્યા જે જે પ્રશ્નો પુછ્યા, તેના તુરતજ બન્ને રાજકુવરીઓએ પોતાના બુદ્ધિબળ વડે ઉત્તરો આપ્યા. તે ઉત્તરો સાંભળીને વિદ્યા ભણાવનારા પંડિતોને અને રાજાને આનંદ થયો. સભામાં બેઠેલા રાજકુંવરીઓની માતાઓને અને ચતુર લોકોને પણ આનંદ થયો અને બધા પ્રસન્ન થયા. બન્ને રાજકુંવરીઓને ફરી ફરી પ્રશ્નો પુછીને પ્રજાપાળ રાજાએ છેલ્લો પ્રશ્ન પૂછ્યો કે " પુણ્યથી શું શું મળે છે." તે સાંભળીને સુરસુંદરીએ જવાબ આપ્યો. "ચતુરાઈ, ધન, યૌવન, સુંદર શરીર ને દેહની નીરોગતા, અને મનવલ્લભજનનો મેળાપ. એટલી વસ્તુઓ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુણ્યવડે જ પ્રાપ્ત થાય છે. સુરસુંદરીએ આપેલ જવાબને સાંભળીને તેની માતા, તેના પંડિતજી, રાજા અને સભા તુષ્ટમાન થયા. સુરસુંદરીએ આપેલા જવાબમાં ખોટાપણું શું છે? ધનાદિકના યોગમાં જ સુખ સર્વસ્વને માનનારાઓને સુરસુંદરીનો જવાબ ગમી જાય તેવો છે. ધન, યૌવન, શરીરની નીરોગતા, ચતુરાઈ અને મનગમતાની સાથેનો મેળાપ પુણ્યથી મળે છે અથવા કોઇ પણ જીવને પોતાના પુણ્યોદયના વિના તે વસ્તુઓ મળી શકતી જ નથી, એ શંકા વિનાની વાત છે.

એક વાત ખાસ વિચારવા જેવી છે, તે વાત એ છે કે, પુણ્યોદયના યોગે પ્રાપ્ત થઇ શકતી ઘણી વસ્તુઓ પૈકીની ધનાદિક વસ્તુઓને જ સુરસુંદરીએ કેમ ગણાવી? સુરસુંદરીને પુણ્યોદય ગમે છે. પણ તે એટલા માટે ગમે છે કે- એ ધનાદિકની પ્રાપ્તિમાં નિમિત છે. સુરસુંદરીનો જવાબ સાચો પણ તે સારો નથી. એ સાચો જવાબ મિથ્યાત્વના સંસ્કારોની અસરવાળો છે. 'પુણ્યોદયના યોગે એ બધું મળી ગયા પછી, એનુ પરિણામ શું? એનો તેને વિચાર નથી. પુણ્યોદયના યોગે આ બધું મળી તો ગયું. પણ એ પુણ્ય ગયું અને નવું પુણ્ય બધાયું નહિ તો થશે શું? પુણ્યોદયે પ્રાપ્ત થતી વસ્તુઓ ગમે અને પુણ્યને આચરવા તરફ બેદરકારી આવે, તો પુણ્ય ખવાય અને પાપ બંધાય. પુણ્યોદયના યોગે મળેલી એ બધી સામગ્રીથી સુખ અલ્પ અને તે પણ અલ્પ કાળને માટે, જ્યારે એ સુખના રસમય ભોગવટાને પરિણામે દુઃખઘણું અને તે પણ ઘણા કાળને માટે છે. સુરસુંદરીએ પોતાના જવાબમાં એવી એક વસ્તુ જણાવી નથી કે જે વસ્તુના યોગે પુણ્યોદયે પ્રાપ્ત ધનાદિકનો સદ્વ્યય કરવાનું સુઝે અથવા આત્મિક કલ્યાણ સધાય એવી કોઈ વાત નથી. સુરસુદરીએ આપેલા જવાબમાં મિથ્યાત્વના સંસ્કારોની અસર છે.

સુરસુંદરીએ જવાબ આપી દીધા પછીથી. રાજાને મયણાસુંદરીએ જવાબ આપ્યો. મયણાસુંદરીએ કહ્યું કે પુણ્યથી વિનય, ન્યાયથી પૂર્ણ બુદ્ધિ, શીલ સહીત પવિત્ર શરીર, મનની પ્રસન્નતા, ગુણવંત સદ્‌ગુરૂનો મેળાપ મળે છે. મયણાસુંદરીનો આ જવાબ તેની માતાને અને તેના પંડિતને ખુબ ગમ્યો, પણ રાજાને અને રાજસભામાં એકત્રિત થયેલા લોકોને મયણાસુંદરીનો આપેલ આ જવાબ બહૂ ગમ્યો નહિ. મયણાસુંદરીના આ જવાબમાં સમ્યક્ત્વ ગુણોના સંસ્કાર હતા.

અપેક્ષાએ સુરસુંદરીનો જબાબ સાચો છે અને મયણાસુંદરીનો જવાબ સાચો છે પરન્તુ એ બેય જવાબોમાં સારો જવાબ, તાત્ત્વિક જવાબ, શિષ્ટ જનોના મનને પ્રમોદ ઉપજાવે તેવો જવાબ મયણાસુંદરીનો છે. કારણ કે પુણ્યથી પ્રાપ્ત થયેલા ધન, યુવાની, ચતુરાઇ, દેહની નીરોગતા અને મનવલ્લભ જનોનો મેલાપ વિગેરેથી સુખ અલ્પ અને તે પણ અલ્પકાળને માટે મળે છે અને સુખના રસમય ભોગવટાને પરિણામે પાપ બંધાય છે. ભવભ્રમણ વધે છે. જ્યારે પુણ્યથી પ્રાપ્ત થયેલા વિનય, ન્યાયથી પૂર્ણબુદ્ધિ. સીલ સહીત પવિત્ર શરીર, મનની પ્રસન્નતા, ગુણવંત સદ્‌ગુરૂનો મેળાપ વિગેરેથી સુખ મળે છે અને તે પુણ્યના ભોગવટાથી અને ખપી જવાથી નવા પુણ્યો બંધાય છે. એટલે પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે અને છેવટે સદ્‌ગુરુના મેળાપથી ભવભ્રમણનો અંત આવે છે અને મોક્ષપદને પામે છે.

---

(અનુસંધાન પેજ નં. ૮૯નું ચાલુ)

કાઢી કહ્યું, "આપે ઘડિયાળ લીધી ત્યારે મારી પાસે ચેન ન હતી. કાળ-પ્રવાહ ચાલ્યો જાય છે. એ ઘડિયાળની ચેન તમને સોંપી દેવા ને દર્શન કરવા આવ્યો છું. સ્વીકારીને આભારી કરો, અને આશીર્વાદ આપો કે આવો સંસાર હવે જોવો ન પડે."

સંન્યાસી ન હાથ લાંબો કરી શકયા, ન કશું બોલી શકયા, ઢીલા થઈ ગયા. પણ તેઓએ તેમના પગમાં પ્રણામ સાથે ચેન મૂકી વિદાય લીધી ને ટ્રેન ઉપડી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નાળીયેરીનો પાયો
# અર્થ એ અનર્થની જનની

શિખિકુમારે માતાનો દુર્ભાવ જાણ્યો. તેથી થતું અપરંપાર પિતાનું દુઃખ પણ જાણ્યું. તેથી હવે અહીં રહેવું અયોગ્ય છે. તેમ જાણી પિતાને પૂછયા વગર ગૃહ છોડયું. ચાલતાં ચાલતાં અશોકવન નામના ઉદ્યાનમાં પહોંચ્યો. ત્યાં કલ્યાણકારી મહામુનિના દર્શન થયા. અનેક શિષ્યોથી પરિવરેલાં ગુણમાં મણિ અને રત્નના ભંડાર સમા વિજયસિંહ નામના મુનિના દર્શનથી ખૂબ આનંદ પામ્યા.

મુનિભગવંતને પ્રણામ કર્યા, મુનિએ ધર્મલાભ આપ્યો પછી મુનિના ચરણ-કમળ પાસે જઈ બેઠો. "હે ભગવંત્ ! આપ સર્વાંગે સુંદર લાવણ્યવાળા છો, અતિ વિવેકી છો." તો આપ નિર્મમ અને નિસંગ કેમ બન્યા- તે જણાવી ઉપકૃત કરો.

મુનિભગવંતે પોતાનું દૃષ્ટાન્ત સાવધાન મને સાંભળવા કહ્યું.

આજ વિજયમાં લક્ષ્મીનિલય નામના નગરમાં પ્રસિદ્ધ સાગરદત્ત નામે સાર્થવાહ હતો. શ્રીમતી નામે તેને પત્ની હતી. તેનો હું પુત્ર છું. મારી કુમાર અવસ્થામાં નજીકના લક્ષ્મીપર્વત ઉપર ક્રિડા કરવા ગયો. ત્યાં એક બાજુએ વિશાળ અને સ્નિગ્ધ પાંદડાના સંચયથી યુક્ત મેં નાળિયેરી જોઈ ત્યારે મને કૌતુક થયું કેમકે તેનો એક પાયો બહાર નીકળીને પૃથ્વીમાં પેઠો હતો. મનમાં વિચાર આવ્યો–આ જ વૃક્ષથી અમે એટલાજ વિભાગમાંથી ઉતરીને પાયો ધરતીમાં કેમ પ્રવેશી ગયો હશે—નક્કી અહીં કોઇ કારણ હોવું જોઇએ.

આ સમયે સુગંધી વાયરો વાવા લાગ્યા સ્નેહથી સિંહ વગેરેએ સ્વાભાવિક વૈર વિસારી દીધું. પુષ્પો ખીલી ઉઠયા, તરતજ મેં દેવસમુહ જોયો. વળી ધર્મચક્રને પશ્ચિમ દિશાથી આવતું જોયું થોડીવારમાં સુવર્ણકમળ ઉપર ચરણ કમળને સ્થાપન કરેલ અજિતનાથ ભગવાનને જોયાં. મને ખૂબ હર્ષ થયો. મારો મિથ્યાત્વરૂપી રોગ નાશ પામ્યો, સમવસરણની રચના ખૂબ આલ્હાદક હતી. પ્રભુના અતિશયના શું વખાણ કરૂં ? તેમણે મધુર વાણીમાં ઉપદેશ આપ્યો. મને ખૂબ રૂચ્યો.

પછી મેં પ્રણામ કરીને પૂછયું, "હે કરૂણાવંત ભગવંત ! મારા આશ્ચર્યનું નિરાકરણ કરો. નાળિયેરીનો પાયો કેમ જમીનમાં ઉતરી ગયો છે ?

ત્યારે ભગવાને કહ્યું, "એ પાયાને ઉતરવાનું કારણ લોભદોષથી જાણજે. તેની નીચે દ્રવ્ય છે, સાત લાખ સોનૈયા છે, તે અને પાયાના જીવે ભેગા થઈને તે દાટયું છે. તેનો વિપાક ઘણો છે તેનો ઉપયોગ ધર્મકાર્યમાં થવાનો છે." ત્યારે મેં પૂછયું, "મેં અને એ નાળિયેરીએ એમ કેમ ધન દાટયું ? અમારા વિપાકમાં અંતર કેમ પડયું-તે વિસ્તારથી જણાવો.

ભગવાને કહ્યું, "આ જ વિજયમાં અમરપુર નામે નગર છે. ત્યાં અમરદેવ નામે ગૃહસ્થ હતો. તેની પત્નીનું નામ સુંદરી. તમે બન્ને તેમના પુત્ર હતા. ગુણચંદ અને બાલચંદ. જ્યારે યૌવન પામ્યા ત્યારે વ્યાપાર કરવાને માટે વહાણમાં કરિયાણા ભરીને આ જ દેશમાં આવ્યા. વ્યાપારમાં ખૂબ લાભ મેળવ્યો. તે સમયે વિજયવર્મ નામનો એક મોટો રાજા યુદ્ધ કરવાને આવ્યો. તેથી નગરીનો અધિપતિ સૂરતેજ સાર્ધ સાથે સારીસારી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વસ્તુ લઈ આ પર્વતને આશરે રહ્યો. તમે પણ પોતાનું દ્રવ્ય લઈ દોડયા. આ સ્થાનમાં આવી દ્રવ્યને ભૂમિમાં દાટયું. કોઈ દિવસે લોભ દોષથી ગુણચંદ વિચારે છે કે. ભાઈ ભાગ માગશે. તેથી તેનું મરણ થાય તેમ કરૂ, અર્થ—અજ—અનર્થ, ઝેરના પ્રયોગથી ભાઈને મારી નાખ્યો. શુદ્ધ સ્વભાવવાળો તું ત્યાંથી મરીને વ્યંતર દેવ થયો. ગુણચંદને નાગ કરડયો. તેજ ક્ષણે મૃત્યુ પામ્યો. દ્રવ્ય ભોગવી ન શકયો—કર્મ બાંધ્યું. તેથી રત્નપ્રભા નામની નારકીમાં ઉત્પન્ન થયો. દેવગતિનું આયુષ્ય પૂર્ણ કરી વિજયમાં ઢંકણપુર નગરમાં હારનંદી સાથવાહની પત્ની વસુમતિની કુક્ષીમાં ઉત્પન્ન થયો. માતા હર્ષ પામી. તારૂં નામ દેવદત્ત રાખ્યું. ગુણચંદ નારકીમાંથી નીકળી, નાગ બન્યો. દ્રવ્યનો પરિગ્રહ કરી ત્યાં જ રહ્યો. લક્ષ્મીદેવીનો ઉત્સવ વખત તૂ પણ તે સ્થળે આવ્યો. દેવીની પૂજા કરી, દીન-અનાથને દાન આપ્યુ. ભોજન પતાવી, પર્વતની રમણીયતા જોતાં નિધાન નજીક આવ્યો. નાગે તને જોયો. તેથી લોભથી માન્યું કે તે નિધાન લઇ લેશે. તેથી તને પગમાં ડંસ્યો. ઉગ્ર વિષને કારણે તૂં ભૂમિ ઉપર ઢળી પડયો, મૃત્યુ પામ્યો તે વખતે તારા લોકો એ નાગને મારી નાખ્યો. પછી તે મરીને આ જ જગ્યાએ સિંહ પણે ઉત્પન્ન થયો. પૂર્વ ભવના અભ્યાસથી તેણે દ્રવ્ય પરિગ્રહ ગ્રહણ કર્યું.

તૂં પણ આજ વિજયમાં કયંગલા નામની નગરીના શિવદેવ અને યશોધરાના પુત્ર તરીકે જન્મ્યો. તારૂ નામ પાડયું ઇન્દ્રદેવ. અનુક્રમે તૂ યૌવનને પામ્યો. કેટલોક સમય વીત્યો. તારા સ્વામી વીરદેવ નામના રાજાએ કેટલાક માણસો સાથે લક્ષ્મી નિલયના સ્વામી માનભંગ રાજા પાસે મોકલ્યો. અનુક્રમે તૂં આ જ સ્થાનકે આવ્યો. જ્યારે તૂં લીંબડાની છાયામાં બેઠો હતો ત્યારે સિંહે લોભની સંજ્ઞાને ધારી તને માર્યો. તેં પણ સિંહને માર્યો.

તમે બન્ને એકજ ઠેકાણે ઉત્પન્ન થયા. શ્રી પુલડક પાટણમાં રહેતાં જક્ષદાસ ચંડાળ અને તેની પત્ની માતૃજક્ષાની કુક્ષિમાં બાળકપણે ઉપન્યા તારૂ નામ કાલસેન અને નાળિયેરીના જીવનું નામ ચંડસેન. અનુક્રમે યૌવન પામ્યા.

એક દિવસ તમે બન્ને શિકાર માટે લક્ષ્મી પર્વત પર ગયા. ત્યાં ડુક્કરને મારીને નિધાન પ્રદેશમાં આવ્યા. તમે બન્ને માંસને અગ્નિમાં પકાવી જમવા બેઠા. ત્યારે એક જણ કટારી લઈને વગર કારણે પૃથ્વી ખોદે છે, તે સમયે ચંડસેન દ્રવ્ય કળશની કીનારી જોઈ ને તે સંતાડવા લાગે છે. તે તેં જોયું. પછી દ્રવ્ય-લોભના કારણે તેણે તને મારી નાખ્યો. એટલે કાળ કરીને તૂં પાંચ સાગરોપરના આયુષ્યવાળી ત્રીજી નારકીમાં ઉત્પન્ન થયો. ચંડસેન દ્રવ્યના લોભથી તે જગ્યા છોડતો નથી, ત્યારે વૈરી ચંડાળે આવીને તેને મારી નાખ્યો. તે અઢાર સાગરો પરના આયુષ્યવાળી છઠ્ઠી નારકીમાં ઉપન્યો.

ત્યાથી તૂં નીકળી પુણ્ય પ્રભાવે મનુષ્યભવ પામ્યો. શાલીભદ્રની નંદિની પત્નીનો તૂં પુત્ર થયો. નામ પાડયું બાલસુંદર. જ્યારે યૌવન પામ્યો ત્યારે શીલદેવ નામના મુનિ ભગવંત મળ્યા. તેમની દેશના સાંભળી તને ત્યાં-ભવ્યપણું પ્રાપ્ત થયું. તેથી ધર્મ-સુવાસને પામ્યો. શ્રાવકના વ્રતો પણ પાળ્યા, અનુક્રમે અણસણ વિધિ આરાધીને, લાંતક નામના દેવલોકમાં દેવ થયો. ત્યાં ન્યૂન તેર સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કર્યું.

આજ વિજયમાં હસ્તિનાપુર નગરમાં સુહસ્તિ નામે નગર શેઠ છે. તેની પત્ની કાંતિમતિની કુક્ષિમાં તૂ પુત્ર પણે ઉત્પન્ન થયો. બીજો ભાઈ છઠ્ઠી નરકમાંથી નીકળી, તારા પિતાને ઘેર સોમિલા નામની દાસીની કુક્ષિમાં પુત્ર પણે જનમ્યો, તારૂં નામ સમુદ્રદત્ત પાડયું. જ્યારે દાસનું નામ મંગળ સ્થાપ્યું. અનુક્રમે બન્ને યૌવન પામ્યા તે અવસરે અણુમાર અનંગદેવ આચાર્ય મળ્યા. તેમના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાસે તું ધર્મ પામ્યો. અને ભવના દુઃખ નાશ પામ્યા. તું શુદ્ધ શ્રાવક બન્યો. અચલ નામના સાર્થવાહની પુત્રી જિનમતી સાથે તારાં લગ્ન થયા.

એક દિવસ મંગલની સાથે જિનમતીને તેડવા ગયો. ઘણું પ્રયાણ કરી, અહીં આવ્યા. લતાઓ પાસે વિસામા લીધો.

તે જગોએ ચક્રવડ જોયું, તે દેખી લક્ષ્મીની કલ્પના કરી. તેથી કૌતુકથી તેં મંગળને કહ્યું કે અહીં દ્રવ્ય હશે. ત્યારે મંગળે કહ્યું હું તે સ્થાને જઈને જોઉં. તારી ના છતાં, તેણે કાષ્ઠથી ખોદવાનું શરૂ કર્યું. તરતજ કળશનો કાંઠો દેખાયો. તેથી મંગળે વિચાર્યું કે આ મહા નિધાન છે. તેને ઠગીને જ મળી શકશે. તેં મંગલને કહ્યું. દ્રવ્યની મમતા ન કર. અર્થથી અનર્થ થાય છે તે જગ્યાએ ખાડાને પૂર્યો અને હર્ષિત થઈ ચાલ્યો તેં કહ્યું, જે દેખ્યું તે કોઈને કહીશ નહિ. આ દ્રવ્ય અધિકરણ ભુત છે તેનાથી કર્મ બંધાશે."

ત્યારે મંગલે વિચાર્યું, "આનું મન ચલિત થયું, એ હું નહિ હોઉં ત્યારે દ્રવ્ય લઈ લેશે. નહિતર આવું કેમ બોલે ?

મંગળ વિચારે ચડયો, "આ ગ્રહ નડે છે તો તેનો શો ઉપાય કરવો ? ત્યારબાદ નગર પાસે બગીચામાં પહોંચ્યો. તેં તેને કહ્યું, " મંગલ ! તૂ મારે સાસરે જઈ આવ. તેમના ઘરની ખબર લઈ આવ. પછી તારા વચને નગરમાં જઈએ."

મંગલ ચાલ્યો પણ ચિત્તમાં અવળું વિચારે છે. સમુદ્રદત્તના મનમાં કંઇજ નથી. પણ મંગલ વેરને વધારી રહ્યો છે. **પાંચમું પાપ સ્થાનક પરિગ્રહ તે પાપનું મૂળ છે.** દુર્ગતિમાં લઈ જનાર છે પોતાનું આત્મ-ધન ખોવરાવનાર છે. જે તેનો ત્યાગ કરે તેની માતાને ધન્ય છે.

મંગળ વિચારે છે કે નગરમાં રહી ધન લઈ લેશે. તેથી નગરમાં ન રહે તેવું કરૂં. પાછા વળતાં રણની મધ્યમાં હું તેને મારી નાખીશ." નગરમાં થોડો કાલક્ષેપ કરી, પાછા ફરી કહ્યું, "નારી સ્વભાવથી તેણીએ અવળું આચરણ કર્યું છે. કોઈ પુરૂષને વશ થઈ તેની સાથે વસે છે. તે કારણથી સહુ દુઃખી છે. તેથી નગરમાં જાવું ઠીક નથી. અહિંથી જ પાછા ફરીએ." આ સાંભળી તું ઉદાસ થયો. શ્રાવક કુલમાં જન્મી આ લોક અને પરલોક વિરૂદ્ધનું આચરણ કર્યું. તેથી મારે ગૃહવાસથી સર્યું. હવે દીક્ષા લેવાનો સમય છે. સ્નેહ બંધન આવા છેડાવાળા હોય છે. હવે મારે ઘેર જવું નથી. 'અનંગદેવ ગુરુ પાસે જઇને શ્રમણધર્મ સ્વીકારીશ.

આ મંગળ અહિંથી સુખ પૂર્વક ઘરે જાય. તેને શા માટે દુઃખ આપવું ? એમ વિચારી મંગળને કહ્યુ કે હું હવે કોઇને દુઃખ નહિ આપું. ત્યારે મંગળ વિચારે છે કે મારે માટે એ કપટ કરે છે. પણ માયાથી હું છેતરાઉં તેમ નથી. તેથી કહ્યું, હે ભાઈ ! જ્યાં સુધી હું ઘેર ન પહોંચુ ત્યાં સુધી હું તમને અધવચ નહિ મૂકું. ત્યારે તેં કહ્યું કે જો તારો આગ્રહ હોય તો ચાલ ઘરે આવું. ત્યાં જઈને અનંગદેવ ગુરુ માટે કોઈ સાધુને પૂછીશ." એમ કહી તેઓ સાથે ચાલી નીકળ્યા. મંગળ તકની રાહ જુવે છે. કેટલાક દિવસો રસ્તામાં વીત્યા. અંતે એક અટવીમાં આવી પહોંચ્યા. ત્યાં શૂન્ય સ્થાનક દેખી ચિત્તમાં ઉત્સાહને ચીતવી ક્ષુદ્ર હૃદયવાળા મંગળે લોભ દોષને ગ્રહણ કરીને પાછળથી છરાનો ઘા કર્યો.

તે નામથી 'મંગળ' હતો, પણ અમંગળ નીવડયો. તે અવસરે વિહાર કરતાં **'અનંગદેવ'** ગુરુ આવ્યા. સમતા સંગથી શોભતા સાધુએ તને જોયો. ત્યારે મંગળ છૂરી મૂકીને નાસી ગયો.

એટલે તેં મનમાં વિચાર્યું કે શું ? પાછળ ચોર આવ્યો છે ? પાછળ જોતાં મંગળને નાસતો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જોયો, પણ કોઈ ચોર દેખ્યો નહિ. તેથી તૂં મનમાં વિચારે છે કે આ શું આશ્ચર્ય ? મંગળ કેમ નાસે છે ? કોઈ ચોર તો નથી. ત્યાં છરી જોઇ અને તે પણ લોહીથી ખરડાયેલી, છરી ઓળખી. તેથી નક્કી જાણ્યું કે કામ મંગળનું છે. પણ કારણ જણાતું નથી. તેથી મંગળને બોલાવું. કારણ હશે તે જણાશે. પણ મંગળ પાછો ન ફર્યો-બોલાવવા છતાં પણ. સઘળો ભેદ સ્પષ્ટ થયો. પોતાની પત્ની વિષે સાંભળેલી વાતમાં પણ શંકા પડી. શ્રાવક કુળમાં જન્મેલી સ્ત્રી આવું કરે નહિ.

એટલામાં મુનિવરો તારી પાસે આવી પહોંચ્યા તને ઓળખ્યો. તેં વંદન કર્યું. તેમણે ધર્મલાભ આપ્યો. તારો વૃતાન્ત પૂછ્યો. તેં મૂળથી સર્વ હકીકત કહી. સાધુ ભગવંતોએ તને આશ્વાસન આપ્યું શરણ વિનાના એવા તને શરણું મળ્યું તે ગુરૂભગવંતની સાથે ચાલ્યો.

પછી થાણેશ્વર નગરે આવ્યાં. માસકલ્પ ગુરૂ ત્યાં રહ્યાં. ત્યારે તારો ઘા પણ રુઝાઇ ગયો. જિનમતિના પણ સમાચાર મળ્યા. તેં મનમાં વિચાર્યું, “અહો ! મંગલનો કેવો પ્રયાસ ! મોહની કેવી વિચિત્રતા !

જો કે પત્ની અખંડ શીલવતી છે પણ હવે તેનાથી સર્યું ! મંગળે સુંદર કાર્ય કર્યું, તેથી હવે ઉભયલોક સુધરે તેવી સાધના કરીશ. જિનમતિ સુશીલ છે. જૈન ધર્મને ખૂબ જાણનારી છે. મારો વૃતાન્ત સાંભળી તે પણ દીક્ષા લેશે. દીક્ષા વગર ઘેર જાઉં તો વિઘ્ન આવે- એમ વિચારી ગુરૂદેવ પાસે દીક્ષા લીધી.

કેટલાક સમય બાદ જિનમતિએ આ વાત જાણી. તે વિચારવા લાગી, અહો-અહો ! તેમણે મોટું કાર્ય કર્યું. યૌવનમાં કામને જીતવો જોઈએ. સંસાર અસાર છે. સંયોગ ત્યાં વિયોગ છે. તો સ્નેહ શો કરવો ? તેથી આત્મહિત માટેની તૈયારી કરી. માતા-પિતાની રજા લઇ, તારી પાસે આવી. પોતના કાર્યની ભુરી ભુરી પ્રશંસા કરી. ત્યારબાદ ગુરૂદેવ પાસે દીક્ષા અંગીકાર કરી.

સુંદર ચારિત્ર પાળીને તૂં પચ્ચીશ સાગરોપમના આયુષ્યવાળા ગ્રેવેયક દેવલોકમાં દેવ થયો. હવે પેલો મંગળ નિધાન પાસે ગયો, ત્યાં ધન સાચવે છે. માંસાહાર કરીને કલેશ પામે છે અંતે મૃત્યુ પામી છઠ્ઠી નારકીમાં બાવીશ સાગરોપમના આયુષ્યવાળો નારકી થયો.

ખૂબ દુઃખ સહન કરીને, નારકીનું આયુષ્ય પૂર્ણ થતાં આ જ વિજયમાં રથવર્ધનપુર નગરમાં વેલ્લિક ચાંડાળના ઘરે બોકડાપણે ઉત્પન્ન થયો. એક દિવસ ચાંડાળ બોકડાઓને જય સ્થળ નગરમાં લઇ જતો હતો, ત્યારે નિધાનના સ્થળે આવ્યા, પૂર્વના અભ્યાસથી તેને જાતિ સ્મરણ જ્ઞાન થયું. ચંડાળ ખેંચે છે પણ તે ચાલતો નથી હાંકે છે તો વળી પાછો ત્યાં જ આવે છે. તેથી ચાંડાળે ક્રોધથી તેને મારી નાંખ્યો.

આયુષ્ય પૂર્ણ કરી ઉંદર થયો, ઓઘ સંજ્ઞાથી તેણે દ્રવ્યનો પરિગ્રહ કર્યો. કર્મને વશ થઇ દ્રવ્ય સાચવતો હતો.

એક વખતે સોમચંડ નામે એક જુગારી ત્યાં આવ્યો. શાલી વૃક્ષની નજીક નિધાનની પાસે બેઠો. ઈર્ષાથી અને લોભદ્વેષથી ઉંદર ચારે બાજુ ભમવા લાગ્યો એટલે જુગારીએ તેને રોષથી મારી નાખ્યો.

મરીને તે ચાંડાળની દુર્ગિલા નામની પત્નીની કુક્ષિએ રહેલો છે, ત્યારે તે ઘણી ભૂખી છે. અનુક્રમે તેણીએ પુત્રને જન્મ આપ્યો.

(સમરાદિત્ય કેવલીરાસ) (ચાલુ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંસ્થા સમાચાર

શ્રી અમરચંદ રાઘવજી સણોસરાવાળા તરફથી હ, મનુભાઇ વોરા, ચિંતામણી કલોથ સેન્ટર તરફથી એક સારી કવોલીટીની દીવાલ ઘડીયાળ આ સભાને ભેટ આપેલ છે. જે ઘડીયાળ શેઠશ્રી ભોગીલાલભાઇ લેકચર હોલમાં દિવાલ ઉપર ટાંગવામાં આવેલ છે. તે બદલ તેઓશ્રીનો ખૂબજ આભાર માનવામાં આવે છે.

———

શ્રી ભાવનગર જૈન શ્વે. મૂ. પૂ. સંઘમાંથી સને ૧૯૮૬ના સાલની S. S. C. પરીક્ષામાં સંસ્કૃત વિષય લઇને સંસ્કૃતમાં સૌથી વધારે માર્કસ મેળવનાર કુ. અમી જીતેન્દ્રભાઇ શાહ અને કુ. રૂપલ વિનયચંદ સંઘવીને રૂા. ૨૫/- અંકે પચીસનું ઈનામ શેઠશ્રી ખીમચંદભાઈ ફુલચંદભાઇ શાહ તરફથી આ સભા દ્વારા આપવામાં આવેલ છે. શેઠશ્રી ખીમચંદભાઈનો ખૂબજ આભાર માનવામાં આવે છે.

## શ્રી સિદ્ધાચલજી તીર્થયાત્રા

પ્રતિ વર્ષ મુજબ આ વર્ષે પણ સંવત ૨૦૪૨ના ચૈત્ર સુદી ૧ ને તા. ૧૦-૪-૮૬ના ગુરૂવારના રોજ પ૦ પૂ૦ ગુરૂદેવ શ્રી આત્મારામજી મહારાજનો ૧૫૦ જન્મ જયંતિ મહોત્સવ ખૂબ હર્ષોલ્લાસ પૂર્વક, ગિરિરાજ પર સભા તરફથી ઉજવાયો હતો. સભાના સભ્યોએ વહેલી સવારના ગિરિરાજ પર ચઢવાનું શરૂ કરી દીધું હતું. તેઓ સર્વેને પ્રક્ષાલનો અમૂલ્ય લાભ મળ્યો હતો. ત્યારબાદ શ્રી આદિનાથ ભગવાન સમક્ષ પૂજા ભણાવવાનું શરૂ કર્યું. સભ્યોની સંખ્યા સારી હતી. ગવૈયાએ ભક્તિ રસમાં સારી વૃદ્ધિ કરી હતી. તેથી સહુને ખૂબ મજા આવી. તેમજ ભક્તિભાવની ઉર્મિઓના સ્પંદનો અનુભવ્યા. ત્યારબાદ પ્રભુજી આદિનાથ અને પુંડરીક સ્વામીની પૂજા કરી, આવેલ સભ્યોએ ગિરિરાજના પુનિત સોપાન ઉતરવાનું શરૂ કર્યું. મહારાષ્ટ્ર ભવનમાં પૂ૦ સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબોની ભક્તિનો પણ સુંદર લાભ મળ્યો. સહુએ સાથે ભોજન વિધિ પતાવી. યાત્રાના મધુરા સંસ્મરણો મનોભૂમિ પર અલૌકિક અસર કરતાં હતાં. સાંસારિક જીવનમાં પુનિત પાત્રાનો પ્રભાવ ખૂબ આલ્હાદક હોય છે. સંયોગોની અનુકુળતા સાંપડી જાય તો જીવનપંથ—મોક્ષપંથના માર્ગે અવલંબન પામી, મુક્તિની સડક સંપાદન કરે છે. તેથી સંસ્થાના સભ્યોને તળાજા મુકામે યાત્રા માટેની યાદી આપી રાખીએ છીએ. જરૂર આપ સહુ પધારો એવી વિનંતી. લી. આત્માનંદ સભા

### ખાંભાની પ્રજાને ધન્યવાદ

વડીલોના માર્ગદર્શન અને યુવાનોના સંગઠને એક યાદગાર પ્રસંગ સર્જી દીધો. કતલખાને જતી ૧૨૫ ગાયોને બચાવી, અભયદાનનું મહાન કાર્ય કર્યું. તે કાર્ય ખૂબ પ્રશંસનીય અને અનુમોદનાને સુયોગ્ય છે. જ્યાં પાંજરાપોળ ન હતી ત્યાં તેનું અસ્તિત્વ સાકાર બન્યું તે પણ ખૂબ મહત્ત્વની ઘટના છે. માટે તે સહુને અભિનંદન અને ધન્યવાદ અર્પીએ છીએ. શ્રી પાર્શ્વનાથ જીવદયા કલ્યાણકે તેમના આ સ્તુત્ય પગલા માટે અને જીવોના અભયદાન અને પોષણ માટે રૂા. ૧૫૦૦ અંકે પંદરશોનો ડ્રાફ્ટ (S. B. S. કૃષ્ણનગર બ્રાન્ચ ભાવનગર) નં. 1204611 મોકલેલ છે. તેઓ સહુ હજુ વધારે જીવો છોડાવે અને મુંગા પશુઓના આશીર્વાદ મેળવે તેવી શુભેચ્છા. શ્રી પાર્શ્વનાથ જીવદયા કલ્યાણ કેન્દ્ર, હાથીથાન-ભાવનગર.

For Private And Personal Use Only

# દરેક લાયબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રીશષ્ઠી શ્લાકાપુરુષ ચરિતમ્ મહાકાવ્યમ્ ૨-પૂર્વ ૩-૪ પુસ્તકાકારે (મૂળ સંસ્કૃત) | ૨૦-૦૦ |
| ત્રિશષ્ઠિ શ્લાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે (મૂળ સંસ્કૃત) | ૨૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૧લો | ૪૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૪૦-૦૦ |
| શ્રી નિર્વાણ કેવલી ભુક્તી પ્રકરણ-મૂળ | ૧૦-૦૦ |
| જિનદત્તા આખ્યાન | ૮-૦૦ |
| શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૫-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૨૫-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | |
|---|---|
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૨૦ ૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૩-૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૮-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૧૪-૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૩-૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે લે. સ્વ. પૂ.આ. શ્રીવિ. કસ્તુરસૂરીશ્વરજી | ૨૦-૦૦ |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ | ૧૫ ૦૦ |
| " " ભાગ ૨ | ૩૫-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન | ૬-૦૦ |
| વૈરાગ્ય ઝરણા | ૨-૫૦ |
| ઉપદેશમાળા ભાષાંતર | ૩૦ ૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૩-૦૦ |
| નમસ્કાર મહામંત્ર | ૩-૦૦ |
| પૂ૦ આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલી વિશેષાંકઃ પાકુ બાઈન્ડીંગ | ૮-૦૦ |
| ધર્મબીન્દુ ગ્રંથ | ૧૦-૦૦ |
| સુક્ત રત્નાવલી | ૦-૫૦ |
| સુક્ત મુક્તાવલી | ૦-૫૦ |
| જૈન દર્શન મીમાંસા | ૩-૦૦ |
| શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર | ૧-૦૦ |
| આર્હત્ ધર્મપ્રકાશ | ૧-૦૦ |
| આત્માનંદ ચોવીશી | ૧-૦૦ |
| બ્રહ્મચર્ય ચારિત્ર પૂજાદિત્રયી સંગ્રહ | ૩-૦૦ |
| આત્મવલ્લભ પૂજા | ૧૦-૦૦ |
| ચૌદ રાજલોક પૂજા | ૧-૦૦ |
| નવપદજીની પૂજા | ૩-૦૦ |
| ગુરુભક્તિ ગહુંલી સંગ્રહ | ૨-૦૦ |
| ભક્તિ ભાવના | ૧-૦૦ |
| હું અને મારી બા | ૫-૦૦ |
| જૈન શારદા પૂજનવિધિ | ૦-૫૦ |

**લખો :- શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઈટ, ભાવનગર (સૌરાષ્ટ્ર)



તંત્રી : શ્રી પોપટભાઈ રવજીભાઈ સલોત શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.